ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ઈમ્પેક્ટ ફીના મામલે વપારીઓ મહેસુલ મંત્રીને રજૂઆત કરશે

## ન્યાય નહીં મળે તો આંદોલનની નવી નીતિ નક્કી કરી ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે



ગાંધીનગર, તા.૧૧

ઈમ્પેકટ ફીની અરજીઓ રદ કરવાના મામલે રોષે ભરાયેલા વેપારીઓએ આજે સરકાર સામે ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો હતો. સે-૧૭ સ્થિત બગીચામાં યોજાયેલી બેઠક દરમિયાન વેપારીઓએ ચર્ચા વિમર્શ કર્યા બાદ આ મામલે મહેસુલમંત્રીને રજૂઆત કરી આંદોલનની નવી નીતિ નક્કી કરવાનો નિર્ણય લીધો હતો. વેપારી આગેવાનોના જણાવ્યા મુજબ ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે વિવિધ વિશેષ કાર્યક્રમો યોજવામાં આવશે.

શહેરમાં ગેરકાયદેસર બાંધકામો રેગ્યુલરાઈઝ કરવા ઈમ્પેકટ ફીના કાયદા અન્વયે વેપારીઓ તેમજ વસાહતીઓએ ગુડાના તંત્ર સમક્ષ અરજી કરી હતી. જયારે લાંબા સમયના અંતે ગુડા દ્વારા આ અરજીઓ રદ કરવાની નોટીસો અપાતા વપારી અગ્રણીઓમાં ઉગ્ર આક્રોશ પ્રવર્ત્યો છે. જેને લઈ ઈમ્પેકટ

● અનુસંધાન પાન-૭ પર



જેઠ મહિને જાંબુ - જાંબુનો પણ એક ચોક્કસ સમય છે... વૈશાખ માસના અંતમાં અને જેઠના પ્રારંભે જાંબુ ખાવા મળશે અને એ ત્યારે જ કહી શકાય કે જાંબુના ઝાડ પર મ્હોર ખીલ્યો છે... પ્રકૃતિનું ચક્ર નિયમિતપણે ચાલ્યા કરે છે. સમયસર કૂંપળ ફૂંટે, પાન થાય, ફુલ આવે અને ફળ આવે.... પ્રકૃતિની આ લીલાને પ્રણામ છે...

# જિલ્લા કક્ષાના નવા બિલ્ડીંગમાં શિક્ષણની ઓફિસ ટુંકમાં સિફ્ટ થશે

## બિલ્ડીંગના બીજા માળે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી માટે ઓફિસ ફાળવવામાં આવી

ગાંધીનગર, તા. ૧૧

'ઘ' માર્ગ પર જિલ્લા કક્ષાની કચેરીઓ માટેનું અદ્યતન બિલ્ડીંગ તૈયાર થઈ ગયા બાદ હવે વિવિધ કચેરીઓનું આ નવા બિલ્ડીંગમાં સ્થળાંતર થશે. આગામી દિવસોમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી પણ નવા બિલ્ડીંગના બીજા મજલે કાર્યાન્વિત થશે. તબક્કાવાર ફાઈલો અને જરૂરી ફર્નિચર પણ નવી ઓફિસમાં સીફ્ટ કરવામાં આવશે.

શહેરમાં સરકારી ઓફિસોને તબક્કાવાર કોર્પોરેટ લુક આપવામાં આવી રહ્યો છે, જ્યારે નવા બિલ્ડીંગો પણ સુવિધાયુક્ત અને આધુનિક બનાવવાનો અભિગમ અપનાવાયો છે. 'ઘ' માર્ગ પર જિલ્લાકક્ષાની કચેરીઓ માટે નવુ બિલ્ડીંગ તૈયાર કરી દેવાયું છે. કરોડોના ખર્ચે નિર્માણ થયેલા આ સાત મજલાના બિલ્ડીંગમાં જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જિલ્લા કક્ષાની કચેરીના આ બિલ્ડીંગની ગત મહીના પૂર્વે જ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણવિધિ યોજવામાં આવી હતી. જિલ્લાકક્ષાના આ ભવનમાં મોટાભાગની કચેરીઓને આવરી લેવાશે. જેના પરિણામે વહીવટી કામગીરી પણ અસરકારક બનશે. આ ઉપરાંત આમ નાગરિકોને પણ સરળતા રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી પણ ટુંક સમયમાં નવા બિલ્ડીંગમાં સિફ્ટ થશે. હાલ બહુમાળી ભવનમાં છઠ્ઠા માળે શિક્ષણતંત્રની ઓફિસ હોવાથી મુલાકાતીઓને પણ ઘણીવાર હાલાકી વેઠવી પડે છે. જ્યારે નવા બિલ્ડીંગમાં બીજા માળે શિક્ષણતંત્રની ઓફિસ માટે જગ્યા ફાળવવામાં આવી છે. મહીનાના અંત સુધીમાં નવી જગ્યાએ શિક્ષણની ઓફિસ કાર્યાન્વિત થઈ જશે.

# શહેરી બસ સેવા વિટકોસની ચિલોડા-'ઘ' રોડ રૂટ પ્રત્યે અરૂચી

ગાંધીનગર, તા. ૧૧

શહેરી બસ સેવા એવી વિટકોસ મૂળભૂત કરારોના ભંગ કરી પાટનગર અને ગ્રામ્ય વિસ્તારોના માર્ગો ઉપર દોડી રહી છે. છતા પણ મુસાફરીનો પર્યાય ગણાતી હોવાથી દુર્લક્ષ સેવાઈ રહ્યું છે. પરંતુ શહેરના મુખ્ય માર્ગ એવા ઘ-રોડ ઉપરથી જતી ચિલોડા માટેની વિટકોસ પ્રત્યે પ્રથમથી જ વહીવટીતંત્રની અરૂચી સ્પષ્ટ દેખાઈ રહી છે. અનિયમિત બસનું આગમન અને વકરો ઓછો આવતો હોવાના બહાના હેઠળ તાજેતરમાં આ માર્ગની એક માત્ર બસ બપોર પછી બંધ કરી દેવાઈ હોવાનું જાણવા મળેલ છે. જેથી મુસાફરોમાં ભારોભાર રોષ ફાટી નીકળ્યો છે.

ચૂંટણી સમયે દેશભરમાં નાગરીકોને શ્રેષ્ઠ સુવિધા મળી રહે તેમજ વિકાસના પંથે દેશને લઈ જઈ અવ્વલ નંબરે રહેવાના વાયદા કરનારા ગુજરાતના પાટનગરની નાની અમથી મુસાફરી સેવા પણ સાચવી શકતા ન હોવાનું વિટકોસના સંચાલન

**ચૂંટણી સમયે જ મુસાફરોની સુવિધા છીનવાઈ, નેતાઓના મોટા વાયદાઓ વચ્ચે જરૂરી સગવડ કચડાઈ**

ઉપરથી મુસાફરોને લાગી રહ્યું છે. વિટકોસની ચિલોડા-ઘ-રોડની એકમાત્ર બસ પ્રત્યે વારંવાર વિટકોસ તંત્ર અન્યાય કરી રહ્યું છે. જેની મ્યુનિ. પાલિકાના કોર્પોરેટર પ્રકાશભાઈ પટેલનું પણ ધ્યાન દોરવામાં આવેલ હતું છતાં પણ વિટકોસ તંત્ર બેફિકર રહી ચિલોડા-ઘ-રોડને અનિયમિત રાખી બંધ કરવાની પેરવી કરી રહ્યું છે.

હાલમાં માર્ગ ઉપર દોડી રહેલ આ બસને બપોર પછી બંધ કરવાની હિલચાલ થઈ છે. જ્યારે આ બસને વારંવાર વર્ધીમાં કે વિટકોસને સાચવવા અધિકારીઓની સરભરામાં મુકી દઈ મુસાફરોને માર્ગમાં રઝળતા કરી દેવાય છે. ટુંક જ સમયમાં લોકસભાની ચૂંટણી આવી રહી છે જેમાં નાગરીકોને મોટા વાયદા કરી મત અંકે કરવા ભોળવવામાં આવે છે. ત્યારે આ જરૂરી સગવડ પ્રત્યે આ નેતાઓ મૌન રહ્યા છે. આગામી ચૂંટણીમાં સેક્ટર-૧૬, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦ ના મતદારોનો મિજાજ આ બાબત ઉપર પ્રદર્શીત થશે તેવું મુસાફરો જણાવી રહ્યા છે.

# ચંપાવત પ્રકરણે ચાર્જશીટ રજૂ

## ૧૦૮ સાક્ષીઓના નિવેદન લેવાયા : કલ્યાણસિંહ મુખ્ય સૂત્રધાર



ગાંધીનગર, તા. ૧૧

ચકચારી તલાટી કૌભાંડની તપાસ કરતી ગાંધીનગર એલ.સી.બી પોલીસે આજે કોર્ટ માં ચાર્જશીટ રજુ કરી દીધી છે.ચાર્જશીટ માં મુખ્ય સુત્રધાર કલ્યાણસિંહ મૂળસિંહ ચંપાવત ને દર્શાવવામાં આવ્યા છે.તે ઉપરાંત નીશલ ઉમેશભાઈ શાહ, ડી.વાય.એસ.ઓ રીતેશ ભરતભાઈ નાયક અને નિમેશ ડાહ્યાભાઈ જયસ્વાલ મળીને ૪ સામે ગુનો નોંધાયેલો છે.જે ચારેય હાલ જયુડીશીયલ કસ્ટડી માં છે.પોલીસે ૧૦૮ સાક્ષીઓ ના નિવેદન લીધા છે.તપાસ દરમ્યાન ચંપાવત પાસે થી ૧.૪૩ કરોડ ,નીસલ પાસે થી ૧૯ લાખ અને નિમેશ પાસે થી ૬.૪૩ લાખ રૂપિયા પોલીસે કબજે લીધા છે.

# મહિલા સુરક્ષા-મોંઘવારી ચૂંટણીનો મુખ્ય મુદ્દો

ગાંધીનગર, તા.૭

આજે તો લોકસભાની ચૂંટણીઓ માટેના મતદાનનું પહેલું ચરણ આરંભાઈ ચુકયું છે અને ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે તેમનો ચૂંટણી ઢંઢેરો પણ જાહેર કરવામાં આવ્યો હતો. આ ચૂંટણી ઢંઢેરામાં ભાજપે 'સૌનો સાથ, સૌનો વિકાસ' સૂત્રને ચરિતાર્થ કરવા પ્રયત્ન તો કર્યો છે પરંતુ સાથે સાથે રામ મંદિરનો મુદ્દો પણ સિફતપૂર્વક ઉવેખીને તેના હિન્દુ કાર્ડને જીવંત રાખવા પણ સભાનપૂર્વક પ્રયત્ન કર્યો છે. થોડાક દિવસ પહેલા જ કોંગ્રેસના વડા સોનિયા ગાંધીએ દિલ્હીના શાહી ઈમામ બુખારી પાસે મુસ્લિમ મતોની માંગણી કરી હતી ત્યારથી આ ચૂંટણીઓની દિશા વિકાસ અને ભ્રષ્ટાચારના બદલે ફરી એકવાર કોમવાદ તરફ ફરી ગઈ હતી જેમાં ભાજપે પણ તકનો લાભ ઉઠાવવાની

**ઈલેકશન લાઈવ**

કોશિષ આદરી દીધી છે.

ગાંધીનગર શહેરના મતદારોને જયારે અમારા ઈલેકશન લાઈવના સર્વેક્ષણ દરમિયાન ચૂંટણીમાં કયા મુદ્દાના આધારે તમે મત આપશો તેવા સવાલની સામે આપેલા વિકલ્પોમાં બિનસાંપ્રદાયિકતાનો મુદ્દો આપ્યો હોવા છતાં મોટા ભાગના મતદારોએ વિકાસ અને ભ્રષ્ટાચારના મુદ્દાને જ વધુ મહત્વ આપ્યું હતું. આજે સે-૨૪માં રહેતા અને બ્યુટીપાર્લરનો વ્યવસાય કરતા નામ જાહેર નહીં કરવાની શરતે એક મહિલા મતદારે માર્મિક રીતે જણાવ્યું હતું કે દરેક પક્ષ ચૂંટણી સમયે ધર્મ અને જ્ઞાતિવાદી કાર્ડ

● અનુસંધાન પાન-૭ પર

# મહીલાઓના સર્વાંગી વિકાસ માટે શક્તિ કાર્નિવલનું આયોજન

## રોટરી ક્લબ દ્વારા આગામી તા. ૧૯ અને ૨૦ એપ્રિલના બે દિવસીય કાર્યક્રમમાં તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા મહીલાઓમાં વ્યક્તિ વિકાસ, સાહસિકતાનો વિકાસ અને હકારાત્મક અભિગમ મજબૂત બને તેવા આશયથી આગામી તા. ૧૯ અને ૨૦ એપ્રિલના રોજ શક્તિ-૨૦૧૪ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત સે. ૧૭ ટાઉનહોલ ખાતે વિવિધ ક્ષેત્રના ૧૦ જેટલા તજજ્ઞ વક્તાઓ દ્વારા મહીલાઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે.

શહેરમાં છેલ્લા ૨૮ વર્ષથી કાર્યરત રોટરી ક્લબ દ્વારા પ્રતિવર્ષ નગરજનો માટે સામાજિક, શૈક્ષણિક અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અગાઉ રોટરી ક્લબ દ્વારા મહીલાઓને અનુલક્ષી સ્વરક્ષણ અને આરોગ્ય જેવા વિષયો અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્યારે આગામી તા. ૧૯ અને ૨૦ એપ્રિલના રોજ 'શક્તિ' કાર્નિવલ અન્વયે મહીલાઓને સ્ટ્રોમ ફ્રી કરવાની સાથે વ્યક્તિત્વના વિકાસ, સાહસિકતા અને હકારાત્મક વિચારો કેળવાય તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. ગૃહસ્થીમાં વ્યસ્ત મહીલાઓને કોઈપણ પ્રકારની તાલીમ મળતી નથી. ત્યારે મહીલાઓને ડગલે ને પગલે અનેક સમસ્યાઓ નડતરરૂપ બનતી હોય છે. આવા સંજોગોમાં મધ્યમવર્ગની મહીલાઓમાં ઘર બેઠા સ્વરોજગારી કેળવી શકે તે માટે પણ તેમને માહીતગાર કરવામાં આવશે. આ કાર્યક્રમમાં નગરના મહીલામંડળો સહીત ૧ હજારથી વધુ મહીલાઓ ભાગ લેશે. રોટરી ક્લબના પ્રમુખ રાહુલ મહેતા, મંત્રી, એચ.એમ. પટેલ, પ્રાજેક્ટ ચેરમેન જોય બક્ષી, કવિતાબેન બક્ષી તેમજ જસવંત ગાંધીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે મહીલાઓમાં આત્મવિશ્વાસ અને હકારાત્મક અભિગમ કેળવાય તેમજ અન્ય માટે પણ પ્રેરણાદાયી બની રહે તેવા આશયથી શક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

**શક્તિ કાર્નિવલમાં ભાગ લેવા ફોર્મ મેળવવાના સ્થળો**

પટેલ પાર્લર - ઘ-૨ - ૯૪૨૬૩૫૪૭૫૩, ઘ-૫ - ૨૩૨-૨૫૦૮૧, સે. ૨૪ - ૯૪૨૮૪૦૪૭૨૫ ● બોસ્કીન્સ રોબીન્સ - દુ. નં. ૩૪, સુપર મોલ-૨, ઈન્ફોસીટી-૯૦૩૩૪૩૪૦૪૫ ● મહાવીર અમૂલ પ્રાર્લર - ઘ-૬, સે. ૨૨ - ૯૮૯૮૩૯૪૩૦૪ ● ફીજીયોથેરાપી સેન્ટર - પંચદેવ મંદિર પાસે સે. ૨૨ - ૮૮૬૬૫૬૧૪૮૮ ● હોમ ફર્નીશીંગ - બી-૩૧૯, ડીસ્ટ્રિક્ટ શોપીંગ, સે. ૨૧ - ૯૯૦૪૧૭૮૮૮૬ ● સ્માર્ટ કિડ્સ - પ્લોટ નં. ૫૪૫, સે. ૨૧ - ૯૯૦૯૦૦૬૯૨૧ ● સામકીટ સેલ્સ - સાયોના હાઈટ્સ, ખ-રોડ, સરગાસણ ચોકડી - ૯૯૦૯૯૦૩૮૪૭, ૮૪૦૧૯૩૩૮૭૪





મીનરલ પાણીની પરબ - તરસ્યા માનવીને અને રાહદારીઓને ઠંડુ પાણી મળી રહે તે માટે ગાંધીનગરની સેવાભાવી સંસ્થાઓએ વિવિધ જગ્યાઓ પર પાણીની પરબ બનાવી છે.... અહીં સેવાભાવી સંસ્થાઓએ રાહદારીઓને ઠંડી અને મીનરલ વૉટર મળી રહે તે માટે ઠંડા પાણીના જગ મુકીને પાણીની પરબ બનાવી છે... સલામ છે સેવાભાવી સંસ્થાઓને અને કાર્યકરોને.... (તસવીર : કશ્યપ નિમાવત)

**ખોવાયેલ છે**

પી.પી.એફ. પાસબુકો
૪૫૬૩૨૫, ૪૫૬૩૪૦
૪૫૬૩૪૭, ૪૫૬૪૫૧
કોન્ટેક્ટ
૯૮૨૪૧ ૨૮૨૧૦

**Gandhinagar Dist. Co-Op. Milk Producer's Union Ltd.**

G.I.D.C, Electronic Estate, 'K' Road,
Sector-25, Gandhinagar-382023.
Phone : 079-23287134-138, Fax : 079-23287140

**TENDER NOTICE FOR CCTV NET WORK**

Tender are invited for CCTV Net Work for MADHUR DAIRY Parlor (Sector-16, 28, 21 & G-5) Gandhinagar. Interested parties visit the site & submit his offer along with bill of material with all technical specification & terms & condition. Please quote your rates with E&C for site basis. The sealed bidding documents should be submitted on or before 22/04/2014 before 15.00 hours on above address.

The right is reserved to Managining Director to accept, reject or cancel the tender/offer.

Managing Director

**નોટીસ**

સાંચા કામ સબબે તારીખ ૧૪/૪/૨૦૧૪, સોમવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૧૬

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

Y.A. MANSURI
M. : 9824049503
GOVERNMENT APPROVED CONTRACTOR
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
अभय®
FEEL FREE, BE FEARLESS
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેકટર-૨૧, ગાંધીનગર.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૯ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com